Ahmedabad Mirror (03.05.2015)

MANISH MISTRY



# TURNING A NEW PAGE

The 16th convocation of PGDM – Business Entrepreneurship and PGDM – Development Studies was organised at the Entrepreneurship Development of India (EDI) campus in Bhat on Saturday. Eighty five students received diploma in PGDM – Business Entrepreneurship' and 15 in PGDM – Development Studies' from chief guest and Financial Services Secretary Hasmukh Adhia.
At the event, EDI Director Dinesh Avasthi announced that Prof Sunil Shukla will take over as director of the institute from July 1. Avasthi has been heading the institute since 2003.

NavGujarat Samay (03.05.2015)

સફળતાની ખુશી




આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના ૧૬માં પદવીદાન સમારોહમાં ડિગ્રી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓ ઝૂમી ઊઠ્યા હતા.- તસવીર કે.ડી ભટ્ટ

NavGujarat Samay (03.05.2015)

## EDIના પદવીદાન સમારોહમાં ઉદ્યોગસાહસિકતા વિશે ટીપ્સ

# કોઈ પણ વસ્તુ જીવનમાં કોઈ પણ પડાવ પર ફરીથી મેળવી શકાય: ડો.અઢિયા

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈ)નો ૧૯મો પદવીદાન સમારોહ શનિવારે યોજાયો હતો જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના નાણા મંત્રાલયના સેક્રેટરી ડૉ. હસમુખ અઢિયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધી જણાવ્યું હતું કે, 'આપણને સફળ પરિણામ મળે તો, નાચી ઊઠીએ છીએ, જ્યારે નિષ્ફળતા મળે તો એના માટે આંસુ સારતા હોઈએ છીએ. તો હું એવું કહીશ કે આપણા જીવનમાં આવા ડિપ્રેશનને કોઈ જ સ્થાન ન હોવું જોઈએ. સફળતા અને નિષ્ફળતા બંને વચ્ચે જે યોગ્ય તાલમેલ જાળવી શકે એ જ જીવનમાં સફળ થઈ શકે છે. ક્યારેય ઉદાસ ન થવું અને નિષ્ફળતાથી પાછા ન પડવું કારણ કે, કોઈ પણ વસ્તુ જીવનમાં કોઈ પણ પડાવ પર ફરીથી મેળવી શકાય છે.'

ઈડીઆઈના વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા વિશે વાત કરતાં ડૉ. અઢિયાએ જણાવ્યું કે, 'ઈડીઆઈ દેશની એક માત્ર આ પ્રકારની વિશેષ સંસ્થા બની રહી છે અને આપણા દેશમાં દરેક ક્ષેત્રમાં ઘણુ બધુ કરવાની તકો છે. તેથી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રમાં પરિવર્તન લાવી શકે છે, આ પ્રકારની સંસ્થામાંથી પદવી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓએ જૉબ સીકર બનવાને બદલે જોબ ક્રિએટર બનવું જોઈએ. આજે ભારત દેશમાં ૫.૭ કરોડ લોકો ફેમિલી બિઝનેસ સાથે સંકળાયેલાં છે. જેઓ અન્ય એક વ્યક્તિને પણ કામ આપે તો પણ આ બિઝનેસમાં કામ કરતાં લોકોની સંખ્યા બમણી થઈ શકે છે. આ બિઝનેસની લગભગ ૬ લાખ કરોડ જેટલી રકમ ઈન્ફોર્મલ બેન્કિંગ સેક્ટરમાં જાય છે, જેનું યોગ્ય બૅંકિંગ કરવાથી દેશને ફાયદો થઈ શકે છે.જે પણ કામ કરો તે દેશ અને સમાજ માટે કરો.'આ પ્રસંગે ઈડીઆઈના ડિરેક્ટર ડૉ. દિનેશ અવસ્થીએ જણાવ્યું હતું કે, 'જુન મહિનામાં પ્રધાનમંત્રી મોદી ઉઝબેકિસ્તાનની મુલાકાતે જઈ રહ્યા છે ત્યારે તેઓ ત્યાં ઉઝબેકિસ્તાન ઈન્ડિયા આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરવા જઈ રહ્યા છે, જે ઈડીઆઈ સાંથે સંકળાયેલી સંસ્થા હશે. આ મારો છેલ્લો પદવીદાન સમારોહ છે, ૧ જુલાઈથી પ્રોફેસર સુમિત શુક્લા ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળશે. આ સંસ્થાના વિદ્યાર્થીઓ એટલી પ્રગતિ કરે કે, ભવિષ્યમાં તેઓ પદવીદાન સમારોહના અતિથિ વિશેષ તરીકે હાજરી આપે. 'આ પ્રસંગે ઈડીઆઈના પ્રેસિડેન્ટ એમ. એસ. રાઘવન પણ હાજર રહ્યા હતાં.

---

બેસ્ટ સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર: પલક પટેલ

બેસ્ટ સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર : આયુશ જૈન, ભાર્ગવ પટેલ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ ગોલ્ડ મેડલ: મલ્લિકા બક્ષી

સિલ્વર મેડલ - અશીર સુથાર

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન બિઝનેસ આન્ત્રપ્રિન્યોરશીપ ગોલ્ડ મેડલ ઇન ફેમિલિ બિઝનેસ: દિવ્યશીલ જૈન

સિલ્વર મેડલ ઇન ન્યુ એન્ટરપ્રાઇઝ ક્રિએશન સ્પેશિયલાઇઝેશન: પાર્થ દેસાઇ

# "Centre to pump more funds into micro enterprises"

## Says secy Hasmukh Adhiya at EDI's 16th convocation

**dna correspondent @dnaahmedabad** **Published Date:** May 03, 2015



"The Union government will provide more funds for the growth of micro enterprises through MUDRA Bank as such enterprises have tremendous capacity to create jobs," said Hasmukh Adhiya, secretary (financial services) in the government of India, during the 16th convocation ceremony of Entrepreneurship Development Institute of India (EDI) on Saturday.

The government is also going to launch Pradhanmantri Jivan Jyot Yojna (providing protection in case of natural death), Pradhanmantri Suraksha Bima Yojna (providing protection against accidental death) and Atal Pension Yojna (providing retirement benefits to the unorganised sector) in the country. "The schemes will be launched by Modi on May 9 in Kolkata. Parallel launches will be held in all states," said Adhiya. He also called upon the batch passing out to excel in whatever sector they choose.

85 students were conferred Post-Graduate Diploma in Management – Business Entrepreneurship at the convocation. 15 students were given Post-Graduate Diploma in Management – Development Studies. Incidentally, this is the last convocation held under director Dinesh Awasthi, who is retiring after serving the post for 12 years. He will be succeeded by Professor Sunil Shukla, a senior faculty of EDI on July 1.

Awasthi, informed that EDI's centre in Uzbekistan will be inaugurated in July this year.

Times of India (03.05.2015)

# Sunil Shukla to take over as new director of EDI

Times News Network

**Ahmedabad:** Prof Sunil Shukla, chief of faculty at Entrepreneurship Development Institute of India (EDI), will take over as director of the institute from July 1.

Shukla been helping medium to large-sized firms with strategic planning and capacity building of people to groom managers as entrepreneurs and help create a conducive climate for corporate entrepreneurship. He has been a visiting faculty at premier management institutions in the country.

His name was announced by outgoing director Dinesh Awasthi during the 16th convocation of EDI on Saturday. In all, 100 postgraduate students of Business Entrepreneurship and Development Studies were awarded diplomas at the event.

The chief guest was Hasmukh Adhia, secretary, department of financial services, Union finance ministry. He stressed that easy loans must be made available to entrepreneurs especially the smaller ones, who several times do not have mortgage-able property.

**MAKING ENTREPRENEURS**

PM Narendra Modi will inaugurate a new EDI centre in Uzbekistan in July. The centre, which will EDI's first in Central Asia, aims to address high unemployment in the region. EDI is successfully running entrepreneurship development centres in Laos PDR, Cambodia, Vietnam and Myanmar.

# પડકારોને ભેદીને આત્મવિશ્વાસથી આગળ વધો

- ઈડીઆઈ ખાતે ૧૬માં કોન્વોકેશનનું આયોજન, ૧૦૦ જેટલા સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત કરાઈ

**અમદાવાદ : ૨ મે ૨૦૧૫**



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) ખાતે ૧૬માં કોન્વોકેશનનું આયોજન કરાયું હતું. જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ - ડેવલપમેન્ટ સ્ટડીઝના ૧૦૦ સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત કરાઈ હતી. કોન્વોકેશનના ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેલા મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ સર્વિસ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના સેક્રેટરી ડો. હસમુખ અઢીયાએ સ્ટુડન્ટ્સને સંબોધતા જણાવ્યું હતું કે 'ઈન્ડિયા એ મોસ્ટ એક્સાઈટિંગ પ્લેસ છે. અત્યારના ભારતમાં દરેક લોકો માટે અપાર તકો રહેલી છે. તેમણે સ્ટુડન્ટ્સને કહ્યું કે તમે કોઈપણ પરિસ્થિતિમાં સફળ થવા માટે સતત પડકારોને ભેદતા આત્મવિશ્વાસથી આગળ વધવું જોઈએ.






સંદેશ Sun, 03 May 2015
sandesh.epapr.in/c/5161646

Indian Express (03.05.2015)

# Centre to launch 3 fiscal plans on May 9: Adhia

**EXPRESS NEWS SERVICE**
AHMEDABAD, MAY 2

THE THREE flagship schemes of the NDA Government that aims at financial inclusion — Pradhan Mantri Suraksha Bima Yojana , Pradhan Mantri Jeevan Jyoti Yojana and Atal Pension Yojana —will be launched pan-India at 75 different cities on May 9, said Hasmukh Adhia, secretary, Union Ministry of Finance here on Saturday.

While the main launch function will be spearheaded by the Prime Minister Narendra Modi at Kolkata, CMs and governors of states will hold parallel functions in the state capitals to launch these three government schemes, said Adhia while interacting with mediapersons on the sidelines of a convocation ceremony of the Entrepreneurship Development Institute of India (EDI).

"Even central ministers will be part of the event organised in various states. This launch event will be held at about 75 places in different cities at the same time," the official added.

"We have already started the pre-enrollment work for all the three schemes in the banks. People just need to give a letter to their respective bank to be part of one or more of these schemes," Adhia said.

"All these three schemes - two insurance and a pension scheme - are going to be bigger than Jan Dhan Yojana. However, these schemes will be riding on the Jan Dhan Yojana and will be operated through the subscriber's bank account," the official earlier said while addressing the EDI convocation that saw 100 students being awarded diplomas in Business Entrepreneurship and Development Studies.

"The Pradhan Mantri Jan Dhan Yojana has a coverage of 99.9 percent as we have been able to open account for each family," Adhia said adding that the MUDRA Bank will cover 5.7 crore small businesses in India "without charging too much interest".

"According to a recent NSSO survey, there are over 5.6 crore family business in India that are run by one or two persons. These business employ over 12 crore people.. But this segment has got a credit of only Rs 6 lakh crore most of which come from informal sources of funding like "Baniyas" and not from the banking system....MUDRA is a new initiative that we have just announced... This is exactly the initiative that we want to take care of 5.7 crore small businesses without charging too much of interest," he said.

Divya Bhaskar (03.05.2015)

દિવ્ય ભાસ્કર | અમદ

ઇડીઆઇ કોન્વોકેશન | જનસંખ્યા, લોકશાહી અને માંગ જેવાં પરિબળોને લીધે

# ભારત આંતરરાષ્ટ્રીય સ્ટાર છે : અઢિયા

**ભારત સરકારની ફાઇનાન્સિયલ સર્વિસીસના સેક્રેટરી હસમુખ અઢિયા ચીફ ગેસ્ટ તરીકે હાજર રહ્યા હતા**

**16મા પદવીદાન સમારંભમાં 100 વિદ્યાર્થીને મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી એનાયત કરવામાં આવી**



ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

આંત્રપ્રિનિયોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદના 16માં પદવીદાન સમારોહનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મિનિસ્ટ્રી ઓફ ફાઇનાન્સના ફાઇનાન્શિયલ સર્વિસિસ ડિપાર્ટમેન્ટનાં સેક્રેટરી ડો. હસમુખ અઢિયાએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. 16માં પદવીદાન સમારોહમાં 100 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી, જેમાં 85 વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન મેનેજમેન્ટ-બિઝનેસ આંત્રપ્રિનિયોરશીપ અને 15 વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ સ્ટડિઝની ડિગ્રી એનાયત કરવામાં આવી. આ ઉપરાંત ઇડીઆઇનાં ડાયરેક્ટર ડો. દિનેશ અવસ્થીએ જણાવ્યું કે, આ વર્ષનો પદવીદાન સમારોહ મારો ઇડીઆઇમાં અંતિમ સમારોહ છે. હવે પછી 1લી જુલાઇથી પ્રો. સુનિલ શુક્લ ડાયરેક્ટરનું પદ સંભાળશે.

આ પ્રસંગે ચીફ ગેસ્ટ હસમુખ અઢિયાએ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે, 'ભારતનાં વિકાસમાં 'જનસંખ્યા', 'લોકશાહી' અને 'માંગ'ને લીધે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટાર બની ગયું છે. તમે હાલ એવા તબક્કામાં ગ્રેજ્યુએટ થઇ રહ્યા છો જ્યારે ભારત તેનાં ઉચ્ચ વિકાસના તબક્કામાં છે. હજુ આપણાં દેશમાં ઘણાં સુધારા કરવાની જરૂર છે, જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન, પ્રોડક્ટિવિટિ ઇમ્પ્રૂવમેન્ટ પર વધારે ભાર મૂકવો જોઇએ. એગ્રીકલ્ચરમાં પ્રોડક્ટિવિટીને સુધારવાનો સ્કોપ વધારે છે અને ઇન્ડસ્ટ્રીઝની સર્વિસિઝમાં પણ નવીનતા લાવી શકાય. પરંતુ આ બધું માત્ર ત્યારે જ થશે જ્યારે સરકાર અને નાગરિકો મળીને યોગ્ય દિશામાં ફાળો આપશે. સરકારે ચોક્કસ વર્ગનાં વિકાસને બદલે દેશનાં સર્વાંગી વિકાસ પર ભાર મૂકવો જોઇએ. જ્યારે યુવાઓએ માત્ર જોબ મેળવવાની ઝંખના રાખવાને બદલે, તેમણે જોબ ક્રિએટર બનવું જોઇએ અને વિકાસનો ભાગ બનવું જોઇએ. સર્વે અનુસાર વાત કરું તો ભારતમાં 5.7 કરોડ ફેમિલી બિઝનેસીસ છે. જેને લીધે 12 કરોડ જેટલાં લોકોને એમ્પ્લોયમેન્ટ મળ્યું છે.

Gujarat Samachar (03.05.2015)

# EDIનો ૧૬મો પદવીદાન સમારોહ








એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ૧૬માં પદવીદાન સમારોહમાં ૧૦૦ જેટલા પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઈન મેનેજમેન્ટ- બિઝનેસ એન્ટરપ્રિન્યોરશીપ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-ડેવલપમેન્ટ સ્ટડીના સ્ટુડન્ટને ડિગ્રી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સના સેક્રેટરી ડો. હસમુખ અઢિયા ઉપસ્થિત રહ્યા હતા. ડો અઢિયાએ તેમની વેલકમ સ્પીચમાં ભારતના જીડીપી પર પ્રકાશ પાડી આવનાર સમયમાં એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રીઝ અને સર્વિસીસ જેવા ક્ષેત્રોમાં અનલિમિટેડ સ્કોપ ઉભા થશે તે વિશે જણાવ્યું. જ્યારે ઈડીઆઈના પ્રેસિડન્ટ એમ.એસ. રાઘવને જણાવ્યું કે ઈન્ડિયા આજે અનેક સેક્ટરમાં ગ્રોઈંગ કરી રહ્યું છે. લિબ્રરાઈઝેશન અને ગ્લોબલલાઈઝેશનથી નવી તકો અને ટેક્નોલોજી આવી છે. આમ ઈકોનોમિને બુસ્ટ મળ્યું છે પરંતુ આ બધું જ ઈનોવેશન પર ડિપેન્ડ છે. આમ નવા એન્ટરપ્રિન્યોર આવે છે.